મૃગાવતી

લેખક :
ધીરજલાલ ટોકરશી શાહ
તથા
કેશવલાલ ડોસાભાઈ દેસાઈ

:: બાલગ્રંથાવલિ કાર્યાલય, અમદાવાદ ::

બાળગ્રંથાવળી ત્રીજી શ્રેણિ ૩.

મૃગાવતી

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ.

તથા

કેશવલાલ ડોસાભાઈ દેસાઈ

આવૃત્તિ પહેલી : સંવત ૧૯૮૭

મૂલ્ય સવા આનો.

પ્ર કા શ કઃ–

ધીરજલાલ ટોકરશી શાહ
ચિત્રકાર, બુકસેલર એન્ડ પબ્લીશર,
રાયપુર : હવેલીની પોળ,
: અ મ દા વા દ. :

મુ દ્ર કઃ-

મૂળચંદભાઇ ત્રીકમલાલ પટેલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પાનકોર નાકા—અમદાવાદ.

મૃગાવતી

મહાન વૈશાલિ નગરીની અટારીએ એક રાજકન્યા બેઠી છે. દેવાંગનાને પણ ટપી જાયે એવું એનું રૂપ છે. તે કાંઇક વિચાર તરંગે ચડી છે એવામાં એક બહેને આવી કહ્યું: બહેન ! એ। બહેન ! અહીંઆ બેઠાં શું વિચારમાં પડયા છે। ? ચાલે।, ચાલે।, કાંઇક નવીન બતાવું.

"શું છે એવું ?" મૃગાવતીએ ધીમેથી પૂછયું.

'કોઈ એક પરદેશી ચિત્રકાર આવ્યે। છે. ખુબ સુંદર છબીઓ લાવ્યે। છે.'

'વાહ ! એતે। જોવાની બહુ મઝા પડશે' એમ બોલી મૃગાવતી ઉઠી ને બંને જણા ચિત્રકાર પાસે ગયા.

'કયાંથી આવે। છે। ચિત્રકાર ?' મૃગાવતીએ રૂપાની ઘંટડી જેવા અવાજે પ્રશ્ન પૂછયે।.

'ધંધાને અંગે ઘણા દેશ ફરી હાલ કૌશાંબીથી આવું છું.' ચિત્રકારે એમ બોલી પોતાની પેટી ઉઘાડી માંહીથી સુંદર ચિત્રો કાઢયાં.

જુઓ બહેન ! આ ચિત્ર વિત્તભય નગરના મહાન રાજા ઉદાયનનું છે. આ ચિત્ર ચંપાપતિ દધિવાહનનું છે.

અને આ ચિત્ર ! વચ્ચેજ મૃગાવતી બોલી ઉઠી. એ ચિત્ર ? એ ચિત્ર તે। કૌશાંબીપતિ શતાનિકનું છે. આ ચોથું ચિત્ર અવંતિપતિ ચંડપ્રદ્યોતનનું છે. પછીનું આ ચિત્ર કુંડગ્રામના અધિપતિ નંદિવર્ધનનું છે. આ ચિત્ર રાજગૃહીપતિ શ્રેણિકનું છે. આ બીજાં પણ ઘણાં ચિત્રો છે.

'ચિત્રકાર ! તમારી અપૂર્વ ચિત્રકળા જોઈ આનંદ થાય છે. એમાંથી એક ચિત્ર અમે ખરીદીશું' 'તો આ પેટી અહીંજ રાખો ને એમાંથી એક ચિત્ર પસંદ કરો. હમણાં મારે રાજાજીને મળવા જવું છે પછીથી આવીશ.' મૃગાવતીને એ બધા ચિત્રમાંથી કૌશાંબીપતિનું ચિત્ર ખુબ મનોહર લાગ્યું. એની આકૃતિએ ને મુખની તેજસ્વિતાએ એનું ચિત્ત ચોરી લીધું. તે મનમાં બોલવા લાગીઃ શું સુંદર સ્વરૂપ ! શું એમનું મુખારવિંદ ! આવા મહાપુરુષની પત્નિ થવાનું કોના ભાગ્યમાં લખ્યું હશે ?

: ૨ :

મહારાણી પૃથાએ બધી પુત્રીઓને આજે પોતાના ખંડમાં બોલાવી છે. દરેકનું શિક્ષણ કેવુંક ચાલે છે એ જોવાની એની ખાયેશ છે. એણે અનેક જાતના પ્રશ્ન પૂછ્યા. બધાએ બરાબર જવાબ આપ્યા. તે સાંભળી પૃથારાણી બોલ્યાં:

વાહ ! તમે તો બધા બરાબર હોંશિયાર થયાં જણાવ છો. પણ હજી વધારે જ્ઞાન મેળવો એમ કહી સહુને વિદાય કરી. કેવળ મૃગાવતી બાકી રહી. તેણે એકાંત જોઈ માતાને પૂછ્યુંઃ બા ! થોડા દિવસ પહેલાં એક ચિત્રકાર આવ્યો હતો. તેનાં ચિત્રો તમે જોયાં હતાં ? પૃથા કહે, હા બેટા ! દેશદેશનાં રાજાનાં એમાં ઘણાંજ સુંદર ચિત્રો હતાં. પણ એમાંથી તને કયું ગમ્યું ? મૃગાવતી આ પ્રશ્નથી જરા શરમીંદી બની ગઈ. પૃથા કહે, બેન ! એમાં શરમાય છે

શા માટે ? તને જે ચિત્ર પસંદ પડયું હોય તે નિ:સકોચે જણાવ. મૃગાવતી કહે, કૌશાંબીપતિ શતાનિકનું.

પૃથા કહે વ્હાલી મૃગાવતી ! એ ચિત્રકારને મેંજ બોલ્યો હતો ને તમને ચિત્ર બતાવી તમારા મનના મનોરથ પૂરા કરવાનો વિચાર રાખ્યો હતો. તારા હૃદય નાથને હવે તું થોડાજ વખતમાં મળીશ.

પછી કૌશાંબીપતિને ત્યાં કહેણુ ગયું. એનો ખુબ ખુશીથી સ્વીકાર થયો; અને કોશાંબીપતિ તથા મૃગાવતી લગ્નની ગાંઠથી જોડાયા.

: ૨ :

સુંદર ચાંદની રાત છે. કૌશાંબીપતિનો રાજમહેલ એ ચાંદનીમાં નાહી રહ્યો છે. રાજા ને રાણી એ અગાસીમાં બેઠાં બેઠાં સ્નાનનો આનંદ લૂંટી રહ્યા છે. એ વખતે શતાનિકે કહ્યું: દેવી! ચાંદની કેવી ખીલી રહી છે! આખું જગત તેના રસે રસાઇ ગયું છે. મૃગાવતી કહે, મહારાજ! પણ ચંદ્રના આધારે ચંદ્રિકા ને? ચંદ્રદેવ અસ્ત થતાં તેનો પણ અસ્ત થવાનો.

શતાનિક–પણ દેવી! ચંદ્ર તો નાનો સરખો લાગે છે. ત્યારે આ ચાંદની આખા જગતમાં પથરાઇ ગઈ છે.

મૃગાવતી–મહારાજ ! ચાંદની જરૂર પસરે કારણ કે તેનામાં કોમળતા છે, નાજુકતા છે, સૌંદર્ય છે, સર્વ ઠેકાણે ફેલાવાની શક્તિ છે. પણ એનું તેજ તો બધું ચંદ્રદેવજ આપે.

આમ જ્ઞાનગોષ્ટી કરી અનેક વખત રાજા રાણી આનંદ લૂંટતા હતા ને સારસના જોડલાંની જેમ સ્નેહથી

જીવતા હતા. થોડા વખત પછી તેમના પ્રેમની સાંકળારૂપ એક પુત્ર થયો. એનું નામ પાડયું ઉદયન. અંતઃપુરની બધી સ્ત્રીઓ આ બાળકનું તેજ જોઈ અંજાઈ જવા લાગી ને કહેવા લાગી કે જરૂર આ પુત્ર કાયરના કાળજા થથરાવશે, વિદ્યા ને કળામાં નિપુણ થશે.

: ૩ :

એક વખત શતાનિક રાજાએ મૃગાવતી પાસે ચિત્ર જોયું. તેને હાથમાં લીધું તો પોતાની જ મનોહર છબી. તે બોલ્યો: મૃગાવતી! આ ચિત્ર તારી પાસે ક્યાંથી? મૃગાવતી કહે, સ્વામીનાથ! એ ચિત્રે તો મને અને તમને જીવનના સાથી બનાવ્યા. "એટલે થોડા વર્ષ પહેલાં આવેલો પેલો ચિત્રકાર શું તમારી પાસે પણ આવ્યો હતો! રાજાએ જાણવા આતુરતા બતાવી. મૃગાવતી કહે, હા નાથ! તેણેજ આ ચિત્ર દ્વારા આપનાં દર્શન કરાવ્યા. શતાનિક કહે. ત્યારે તો ચિત્રકળા એ અદ્‌ભુત છે. જેમ મંત્રીઓ, મુત્સદ્દીઓ. લડવૈયાઓ ને ધર્માચાર્યો રાજ્યની શોભા છે તેમ આ ચિત્રકારો પણ રાજ્યની શોભા છે. ચાલો એવા ચિત્રકારોને ઉત્તેજન આપવા એક ચિત્રશાળા કરાવીએ.

તેણે રાજ્યના મહાન શિલ્પીઓને બોલાવ્યા ને ચિત્રશાળાનું સુંદર મકાન ચણાવ્યું. પછી દેશદેશથી કુશળ ચિતારાઓને બોલાવ્યા ને ચિત્રો દોરવાની શરૂઆત કરાવી. ચિત્રકારોનું જુથ કામ કરી રહ્યું છે. તેમાં એક ચિતારો પોતાની પીંછીં ને અદ્‌ભુત કળાની છટાથી જુદોજ તરી

આવે છે. લોકો એના વિષે વાતો કરે છે કે એને યક્ષનું વરદાન છે તેથી ધાર્યું ચિત્ર ચિતરી શકે છે.

સંધ્યા સમય થયો છે. સોનેરી પ્રકાશ છવાઈ રહ્યો છે. એ વખતે પાસે આવેલા રાજમહેલના ઝરૂખામાં મહારાણી મૃગાવતી ઝબકયાં. આગળ પડદો હોવાથી એ મહારૂપ તો ન જોવાયું પણ એનો અંગુઠો નજરે પડયો. આ સિદ્ધહસ્ત કળાકારને એટલું પણ બસ હતું. તેણે તરતજ એ અંગુઠાના પ્રમાણમાં આખી આકૃતિ ઉભી કરી ને તેમાં રંગો પૂરવાનું શરૂ કરી દીધું. બીજા દિવસે પણ એજ ચિત્ર પર કામ કર્યું. સાથળના ભાગમાં રંગ પૂરતાં એક કાળા રંગનું ટપકું પડયું. અરે! આણે તો ચિત્રની ખુબીનો નાશ કર્યો. ચિત્રકાર બબડયો ને તેણે ખુબ કુશળતાથી એ ટપકું દૂર કર્યું. થોડું બીજું કામ કર્યું ને ફરી પાછું એજ જગાએ ટપકું પડયું. ફરી દૂર કર્યું તો પાછું ત્યાંજ ટપકું પડયું. અરે! આ શું! આવા સુંદર સાથળમાં આ ડાઘ કેમ પડે છે! નકકી સ્ત્રીના આ ભાગમાં આવું ચિહ્ન હશે. એમ ધારી એને ત્યાંજ રહેવા દીધું ને બીજા ભાગમાં અદ્‌ભુત નિપુણતાથી કામ કરવા માંડયું. ત્રીજા દિવસે પ્રાતઃકાળમાં રાજા શતાનિક ચિત્રશાળા જોવા આવ્યો. ત્યાં દોરાઇ રહેલાં ચિત્રો જોતો જોતો આ ચિત્ર પાસે આવ્યો. અહા! આતો આબેહુબ મૃગાવતીજ! આ ચિત્રકારે એને કયાંથી જોઈ હશે! અને અત્યારે તેને જોયા વિના આબેહુબ ચિતરવામાં તો એણે હદ કરી છે. પણ આ શું? તેણે પહેરેલા વસ્ત્રની અંદર સાથળપર કાળો ડાઘ પણ બતાવ્યો છે!

નક્કી આમાં કાંઇક ભેદ લાગે છે. નહિતર આવું ગુપ્ત ચિન્હ પણ તે ક્યાંથી જાણી શકે! એ ભેદનો પાર પામવા તેણે અધિરાઇથી પૂછયું: ચિત્રકાર! આ કોની છબી ચિતરી રહ્યા છો? "હું માનું છું કે મહારાણી મૃગાવતીની" ચિત્રકારે ઠાવકાઈથી ઉત્તર આપ્યો. માનુંછું શા માટે? સાચું કહોને એનીજ છબી ચિતરૂં છું! જરા તપી જઇ શતાનિકે ચિત્રકારને દમ ભિડાવ્યો. "અને આવી છબી ચિતરવાનું પ્રયોજન?" શતાનિકે પ્રશ્ન કર્યો. ચિત્રકાર આવા વિચિત્ર પ્રશ્નથી જરા ખચકાયો પણ મનને મજબુત કરી બોલ્યો: દેવ! કળાકારોમાં કેટલી નિપુણતા છે એ બતાવવા. માણસનું એક અંગ જોઈને પણ આખી તસ્વીર બનાવી શકે એવા કળાકારો દુનિયા પર મોજુદ છે એ જણાવવા. "એટલે એના શરીરનુ એકાદ અંગ જોઈને જ આ છબી ચિતરી છે?" શતાનિકના મનમાં શંકા થઈ. 'હા મહારાજ! કેવળ અંગુઠાના દર્શન માત્રથી!' ચિત્રકારે સાચી હકીકત જણાવી દીધી. "કેવી બેહુદી વાત! શું અંગુઠા પરથી આખી છબી બનાવી શકાય? અને તે પણ શરીરના બધા ચિન્હો સાથે?"

ચિત્રકાર કહે, "મહારાજ! એ શાસ્ત્ર ઘણું ગહન છે. મનુષ્યના શરીરની રચના કયા ધોરણે થાય છે તેનાં દરેક અંગોનાં કેવાં પ્રમાણ હોય છે ને એક બીજાનો કેવો સંબંધ હોય છે એના પરથી એ વસ્તુ સિદ્ધ થઈ શકે છે. જો કે આ ટપકું દૈવયોગેજ પડેલું છે. પણ મને લાગે છે કે મારા ચિત્રની ખામી દૂર કરવાજ એ પડેલું છે. નહિતર બબ્બે વખત ભુંસ્યા છતાં એજ સ્થળે કેમ પડે!"

શતાનિક ગુંચવાયો. મનમાં કાંઇ કાંઇ વિચાર પસાર થઈ ગયા. : શું આ સત્યજ હશે? ચાલ, તેને એક બીજું ચિત્ર દોરવાનું આપી પરીક્ષા કરૂં. એમ વિચારી એક કુબડી દાસીનું શરીરનું એક અંગ બતાવ્યું અને ચિત્રકારને તેના પરથી આખું ચિત્ર દોરવાનો હુકમ ફરમાવ્યો. ચિત્રકારે બરાબર આ રૂપ આલેખ્યું. તે જોઇ રાજા આભો બન્યો. મનમાં વિચાર આવ્યો: આતો બહુ ભયંકર વિદ્યા! જો આ ચિત્રકાર આવી રીતે અંત:પુરની સ્ત્રીઓનાં ચિત્રો દોરી અનર્થ કરવા ધારે તો કરી શકે! માટે તેના આ કાર્યને અટકાવવુંજ જોઇએ. એથી તે બોલ્યો: પણ ચિત્રકાર! તેં આવી છબી જાહેર ચિત્રશાળામાં ચિતરવામાં અપરાધ કર્યો છે. ચિત્રકાર કહે, 'દેવ! એવી કોઇ બુદ્ધિથી આ ચિત્ર નિર્માણ થયું નથી." શતાનિક કહે, મારે આ વાતો સાંભળવી નથી. એ અપરાધનો દંડ તારે ભોગવવોજ પડશે. ચિત્રકાર બોલ્યો: હું જાણતો ન હતો કે કળાની નિપુણતા બતાવવાનું આ ઈનામ મને મળશે. "ચિત્રકાર! બસ કર, તારૂં બોલવું બસ કર. સિપાઇ આના જમણા હાથનો અંગુઠો કાપી નાંખો કે બીજી વખત આવા ચિત્રો ચિતરે નહિ." થોડીવારમાં ચિત્રકારના હાથનો અંગુઠો દૂર જઈ પડયો.

: ૪ :

મધ્યાહ્નનો વખત છે. તડકો કહે મારૂં કામ. એ વખતે કૌશાંબી અને અવંતિ વચ્ચે એક માણુસ ધુનમાં ને ધુનમાં ઝપાટા બંધ ચાલ્યો જાય છે. ઘડીકમાં ઠોકર ખાય તો ઘડીકમાં ઝાડી ઝાંખરામાં ભરાય છે. તે કોઈ જબરી ધુનમાં હોય એમ લાગે છે. તેના મનમાં ચાલી

રહેલા વિચારો આ રહ્યા: કૌશાંબીપતિ ! તેં મને નિર્દોષને આ ક્રૂર શિક્ષા કરી છે તેનો બદલો આપ્યા વિના નહિ રહું. જ્યારે રાજાઓ મદાંધ થઇ એક સાચા કળાકારની પિછાન કરવાને બદલે આવી નીચતા બતાવે છે, ત્યારે એ કળાકારો પણ શું કરી શકે છે તે તેને બતાવવું જોઇએ. આવા વિચાર કરનાર કોણ હશે તે કલ્પવું મુશ્કેલ નથી.

એ ચિત્રકાર અવંતિપતિના મહેલમાં પહોંચ્યો. અવંતિપતિ આગળ મનોહર ચિત્ર રજુ કર્યું. અવંતિપતિ એ જોતાંજ ભાન ગુમાવી બેઠો. તરતજ બોલી ઉઠયો: ઓ ચિત્રકાર કહે, કહે, આવી દિવ્યાંગના કયાં વસે છે ? "મહારાજા કૌશાંબીપતિ શતાનીકના મહેલમાં ! એનું નામ મૃગાવતી છે." ચિત્રકારે જવાબ આપ્યો.

'શું સુંદર સ્વરૂપ ! એને જોતાં ચંદ્રમા પણ લાજે. મૃગના સરખી એની આંખો મૃગાવતી નામ બરાબર સાર્થક કરે છે. ચિત્રકાર ! આવું ચિત્ર બતાવવા માટે જા તને એક લાખ સોનામહોરો બક્ષીસ આપું છું. પ્રતિહારી ! આ ચિત્રકારને ખજાનચી આગળ લઈ જાવ.

અવંતિપતિની રાણી શીવાદેવી મૃગાવતીની બહેન છે. એટલે તે મૃગાવતીનો બનેવી થાય છે. છતાં રૂપથી કામાંધ બની તેણે કૌશાંબી પર ચડાઇ કરવાની તૈયારી કરી.

: ૫ :

મહારાજ શતાનિક ને રાણી મૃગાવતી એક હિંડોલા પર બેઠા બેઠા વાતો કરી રહ્યા છે.

મૃગાવતી—મહારાજ ! તમે ઉદયન માટે કેવી આશા રાખો છો ?

શતાનિક—સિંહણના બચ્ચામાં શું કહેવાનું હોય !

એ કદી ઘાસ નહિ ચરે. મને તો એનાં લક્ષણો અત્યારથીજ જણાય છે.

મૃગાવતી—પણ નાથ! કહેવત છે કે બાપ તેવા બેટા.

શતાનિક—પણ બાળકના લક્ષણ માતાની ગોદમાં જ ઘડાય ને!

મૃગાવતી—પણ મહારાજ! એ માતાનો પોતાનો વિકાસ થયો હોય ત્યારે–અને વિકાસ કરવો તો પુરુષોના જ હાથમાં છે ને! વળી ગોદમાંથી પુત્ર મુક્ત થતાં તેના પર પિતાનો જ અધિકાર શરૂ થાય છે. એવામાં પ્રતિહારીએ આવીને ખબર આપી કે કોઈ દૂત આવ્યો છે.

શતાનિક કહે, એને અંદર મોકલ. અંદર આવનાર દૂત ન હતો, પણ રાજા શતાનિકનો જ જાસુસ હતો. તેણે કહ્યું: મહારાજ અવંતિપતિ જબરી ફોજ લઇ કૌશાંબી પર આવે છે. થોડા વખતમાં તે આવી પહોંચશે. રાજા શતાનિકને આ સમાચારથી એકાએક નવાઇ લાગી. કાંઇક ભય પણ લાગ્યો કારણ કે અવંતિપતિનું રાજ્ય તેના કરતાં ઘણું જ મોટું હતું. પણ હિમ્મત નહિ હારતાં તેણે કૌશાંબીના દરવાજા બંધ કરાવી દીધા ને લશ્કરની તૈયારી કરી.

થોડા વખતમાં વાદળ ઉલટે તેમ અવંતિપતિના યોદ્ધાઓ કૌશાંબીના કિલ્લાની આસપાસ ઉતરી પડયા ને કિલ્લો સર કરવાની રાહ જોવા લાગ્યા. તેમણે ધાર્યું હતું કે કૌશાંબી જોત જોતામાં લઇ લઇશું. પણ એ વાત અહીં ખોટી ઠરી. યુદ્ધમાં દિવસો પર દિવસો જવા લાગ્યા, ને છતાંએ કૌશાંબી સામે ટકી રહ્યું. પણ એ વખતે એક દુઃખદાયક ઘટના બની. મહારાજા શતાનિક માંદા પડયા ને દિવસે દિવસે એ વ્યાધિ અસાધ્ય થયો. હવે

કોઇને આશા ન હતી કે તે બચી શકે. એની પથારી આગળ મૃગાવતી ને બાળકુમાર ઉદયન બેઠાં છે. આંખમાં આંસું છે, શતાનિકના છેલ્લા શ્વાસોશ્વાસ ચાલી રહ્યા છે. જાણે તેને કાંઈ મુંઝવણ થતી હોય એમ લાગે છે. એ જોઈ મૃગાવતી બોલી: મહારાજ ! નશીબમાં હોય તેમ બન્યા કરે છે. તમે મારી ફીકર કરો છો ? ઉદયનની ફીકર કરો છો ? ના, ના, જરાયે ન કરશો. મારા નાથ ! ખાતરી રાખજો કે મૃગાવતી ક્ષત્રીયાણીના દુધ ધાવી છે. જીવતાં લગી તે પોતાની અને પોતાના પુત્રની રક્ષા કરશે. અને બનશે ત્યાં સુધી નગરને પણ શત્રુના હાથમાં નહિ જવા દે.

'એ બધું ખરૂં. પણ દેવી ! શત્રુ બહુ બળવાન છે. એના પંજામાંથી છટકવું સહેલું નથી. વળી નગરમાં પણ હવે અનાજ પાણીની તંગી પડવા લાગી છે. હવે કયાં સુધી આમ નભી શકાશે ?

મૃગાવતી કહે, 'જરાયે ચિંતા ન રાખશો. તમારા જીવને શાંતિમાં રાખો. આર્ય લલનાઓ પોતાનો ધર્મ સારી રીતે બજાવી જાણે છે. જીવતાં તો શું પણ મર્યા પછી પણ શત્રુના હાથમાં તે ન જાય એ માટેનો માર્ગ તેના માટે ખુલ્લો છે. માટે નાથ ! તમે શાંતિ રાખો ને પ્રભુનું સ્મરણ કરો.' છેલ્લા શબ્દો સાંભળી શતાનિકે આંખો મીંચી. મૃગાવતીએ નવકાર આપ્યા. શતાનિકનો જીવ આ ફાની દુનિયા છોડી ચાલ્યો ગયો.

: ૫ :

મૃગાવતી જેવી પવિત્ર હતી, જેવી જ્ઞાની હતી, તેવીજ બાહોશ પણ હતી. એની બાહોશીનો આપણને આ વખતે પરિચય થાય છે. તેણે જોયું કે મહારાજ શતાનિકનું કહેવું

સાચું હતું ને કૌશાંબી થોડા જ દિવસમાં પડશે. જો એમ થાય તો મહાકામી રાજા અવંતિપતિ પોતાનું શિયળ ભ્રષ્ટ કરવાનો પણ જરૂર પ્રયત્ન કરશે. આથી વિચાર પૂર્વક કામ કરવાનો નિશ્ચય કર્યો. તેણે સુલેહનો સફેદ વાવટો ચડાવ્યો ને મહારાજા અવંતિપતિની સાથે સંદેશા ચલાવ્યા. અવંતિપતિએ કહ્યું કે મારા અંતઃપુરમાં આવવાનું કબુલ કરો એટલે બધું પતી જશે. મૃગાવતીએ કહેવરાવ્યું કે હવે હું ને ઉદયન તમારા જ શરણે છીએ. પરંતુ હાલમાંજ મારા પતિ ગુજરી ગયેલા હોવાથી બાર મહિના શોક પાળવો જોઇએ. પછી હું તૈયાર જ છું. જો એટલી ધીરજ પણ આપને ન હોય તો પછી મારે આપઘાત કર્યે જ છુટકો છે. અવંતિપતિ કહે, "નહિ, નહિ, તમારી દરેક ઈચ્છા પૂર્ણ કરવા આ અવંતિપતિ તૈયાર છે. બાર માસ પછી તમને તેડવાને મોકલીશ." અવંતિપતિનું લશ્કર પાછું ફર્યું. મૃગાવતીએ આ બાર માસમાં પોતાના નગરનો કિલ્લો મજબુત કરી લીધો. અનાજ પાણીનો પણ મોટો સંઘરો કરી લીધો ને લશ્કરમાં ભરતી કરી.

બાર માસ પછી અવંતિપતિનો દૂત આવ્યો. તેણે કહ્યુંઃ મૃગાવતી તૈયાર થાવ. અવંતિપતિ તમને તેડવા આવે છે. મૃગાવતી કહે, અરે દૂત ! તારા કામાંધ રાજાને કહેજે કે એ સિંહણની છેડ કરવા જેવી નથી. એની આશા મૂકી પોતાની રાણીઓથી જ સંતોષ પામે.

: ૬ :

ફરી પાછાં કૌશાંબીના કોટ બંધ થયા છે ને અવંતિપતિના લશ્કરી તબુંઓ ઠોકાઈ ગયા છે. હંમેશાં બંને પક્ષ વચ્ચે યુદ્ધ થાય છે પણ કોઈની હાર જીત થતી નથી. બંને પક્ષના માણસો મરાયે જાય છે.

એવામાં ફરતાં ફરતાં પ્રભુ મહાવીર ત્યાં પધાર્યા. અહિંસાના ફીરસ્તાનો પ્રભાવજ એવો હતો કે જ્યાં તેનાં પગલાં થાય ત્યાંથી દૂરદૂર સુધીનાં માણસો ઝેરવેર ભૂલી જાય. એથી યુદ્ધ બંધ થયું. બંને પક્ષના માણસો મહાત્માનો ઉપદેશ સાંભળવા ચાલ્યા. "ઝેર વેરને તજી દો. એકજ કુટુંબના માણસોની જેમ આ દુનિયામાં રહો. કીર્તિના લોભે કે વિષયલાલસાને માટે અનેક દુષ્ટ કર્મો થાય છે તે કરવા બંધ કરો. બાળપણ મટી જુવાની આવે છે. જુવાની જઈ ઘડપણ આવે છે. પછી મોતનાં નગારાં વાગે છે. એ પહેલાં પણ એ નોબત ગગડતી જ હોય છે. માટે આત્માનું કલ્યાણ કરવામાં ઉતાવળા થાઓ.'

રાજમાતા મૃગાવતી આ ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યા ને નમીને પ્રભુને કહ્યું: જો અવંતિપતિ ચંડપ્ર-દ્યોતન રજા આપે તો હું દીક્ષા લેવા ઇચ્છું છું. તેમણે જઇને ચંડપ્રદ્યોતનને કહ્યું : મારૂં મન સંસાર પરથી ઉઠી ગયું છે. મનુષ્યજન્મ ફરી ફરીને મળતો નથી. હું મારો પુત્ર તમને સોંપી આત્માનું કલ્યાણ કરવા ઇચ્છું છું. અહિંસાના સાચા ઉપાસકની છાયામાં આવેલ ગમે તેવા કઠોરના પણ શા ભાર કે તે ન સમજે ! ચંડપ્રદ્યોતનનું મન તો પ્રભુના ઉપદેશથી શાંત થઇ જ ગયું હતું. તેણે રજા આપી. એની અંગારવતી વગેરે આઠ રાણીઓ પણ આ વખતે દીક્ષા લેવા તૈયાર થઈ ને એ બધાને પ્રભુએ દીક્ષા આપી. સાધ્વી ચંદનબાળાની એ બધી શિષ્યાઓ બની.

: ૭ :

કૌશાંબી નગરીના એક મકાનના દિવાનખાનામાં બે માણસો બેઠેલા છે. રાત્રિનો સમય છે. તેજથી ઓરડો ઝળહળી રહ્યો છે. એક માણસ અજાણ્યા જેવો લાગે છે.

'શું રાજમાતા મૃગાવતી દેવીએ દીક્ષા અંગિકાર કરી એ વાત સાચી છે ?'

'હા, તેમણે રાજરિદ્ધિને ઠોકરે મારી. તેમણે સંસાર ત્યાગ્યો; જે રાજમાતાનો એક હુકમ થતાં હજારો સેવક ખમાખમા કરતા તે આજ પોતાની જ ભાણેજ, પોતાના જ મહેલમાં ઉછરેલી, સાધ્વી ચંદનબાળાની શિષ્યા બની.

આજથી હવે તે ઉઘાડે પગે, ટાઢ કે તડકાની દરકાર કર્યા વગર જગતના જીવોના અને પોતાના ભલા અર્થે ગામોગામ વિહાર કરશે. હજારોનું પોષણ કરતી રાજમાતા શેરીએ શેરીએ ધર્મલાભ કહેતી ગોચરી માટે જશે. રાજમહેલની રસવતી રસોઇ તજી ઘેરેઘેરથી મળેલ ભોજન આરોગશે.

આહા ! હદ કરી. દેવી મૃગાવતી હદ કરી. પતિ જીવનમાં પતિવ્રત પાળી, અવંતિ પતિ ચંડપ્રદ્યોતન જેવા મહાન રાજાના પટરાણી પદને ઠોકરે માર્યું. પતિ જતાં સાચી રાજમાતા બની પુત્ર અને નગરનું રક્ષણ કર્યું. અને આજે રાજપુત્ર મોટો થતાં સાચી સાધ્વી થઇ. તું તો છૂટી પણ મારો છૂટકો ક્યારે થશે ? '

પેલા અજાણ્યા જણાતા મનુષ્યે નિશ્વાસ નાખ્યો.

'ભાઇ તમે કેમ નિશ્વાસ નાખો છો ?'

'હું શું કહું ? આ સર્વ અનર્થનું મૂળ હું હતો ! એમ કહી ચિત્રકારે રાજાએ પોતાનો અંગુઠો કાપી નાખ્યો હતો તે સર્વ વાત કહી હૃદય ખાલી કર્યું ને બોલવા લાગ્યો: "હવે હું સાધ્વી મૃગાવતી પાસે જઇશ, તેની માફી માગીશ, અને આ સંસાર ત્યાગી, કરેલું મહાઘોર કર્મ દૂર કરવા પ્રયત્ન કરીશ. "

: ૮ :

એક વખત ભગવંત વર્ધમાન સ્વામી કૌશાંબી નગરીના ઉદ્યાનમાં પધાર્યા અને સામે બેઠેલી મેદનીને ધર્મોપદેશ સંભળાવવા લાગ્યા.

ઉપદેશ દેતાં દેતાં સાંજનો સમય થઇ ગયો.

ચંદનબાળા વગેરે સાધ્વીઓ ઉઠી ઉપાશ્રયે ચાલી ગઈ.

"ઓહો! કેવી શાંતિ છે! જન્મનાં વૈરીઓ પણ વેર ઝેર ભૂલે. અહો કેવું તેજ છે! ગમે તેવા પાપીમાં પણ તે પ્રવેશે છે ને સારા ખોટાનો વિચાર કરતો તેને બનાવે છે. ઓહો કેવી ગંભીરતા છે! પૈસા વગેરેથી તોફાને ચઢેલાને ગંભીર બનાવે છે." આમ વિચાર કરતી પ્રભુનું મુખ જોવામાં લીન બનેલી મૃગાવતીને સમયનું ભાન ન રહ્યું. પછી ધ્યાન મૂકયું. જોયું તો અંધારૂં થઈ ગયું હતું. તરતજ તે ઉપાશ્રયે ગઇ ને સંથારો કરી સૂઈ ગએલાં ગુરૂણી ચંદનબાળાના પગ ચાંપવા લાગી.

ગુરૂણીએ કહ્યું 'તારા જેવી કુલીન સ્ત્રીને આમ મોડી રાત સુધી બહાર રહેવું ઠીક છે?'

'આર્યાજી! પ્રભુનું મુખ જોવામાં હું લીન બની. સમયનું ભાન ન રહ્યું. આ અસાવધાનતાનુંજ પરીણામ છે.' એમ પશ્ચાતાપ કરતાં કરતાં મૃગાવતીને કેવળજ્ઞાન થયું.

સાધ્વી ચંદનબાળાની પાસે થઇ એક સર્પ જતો હતો તે તેણે કેવળજ્ઞાનથી જોયો. ચંદનબાળાનો હાથ ઉંચો કર્યો. ચંદનબાળાએ હાથ ઉંચો કરવાનું કારણ પૂછયું. તેણે કહ્યું કે 'અહીંથી સર્પ જતો હતો એટલે મેં હાથ ઉંચો કર્યો, ? એ સર્પ તેં આવા ગાઢ અંધકારમાં કેવી રીતે જોયો ? ચંદનબાળાએ પ્રશ્ન કર્યો.

'તમારા પસાયે થએલા કેવળ જ્ઞાનથી.' આ સાંભળી ચંદનબાળાને પસ્તાવો થયો કે મેં કેવળજ્ઞાનીની આશાતના કરી. તે પણ પશ્ચાતાપ કરતાં કરતાં કેવળ-જ્ઞાનને પામ્યાં.

આવી મહાસતીઓનો સદા જયજયકાર હો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

:: બાળ ગ્રંથાવલી :

પ્રથમ શ્રેણી

૧ શ્રી ઋષભદેવ
૨ નેમ-રાજુલ
૩ શ્રી [illegible]નાથ
૪ [illegible]
૫ [illegible]
૬ [illegible]
૭ [illegible]
૮ [illegible]
[illegible]
૧૦ [illegible]
૧૧ [illegible]
૧૨ [illegible]
૧૩ [illegible]
૧૪ [illegible]
૧૫ [illegible]
૧૬ [illegible]
૧૭ [illegible]
૧૮ [illegible]
૧૯ [illegible]
૨૦ [illegible]

બીજી શ્રેણી

૧ અર્જુનમાળી
૨ ચક્રવર્તી સનત્કુમાર
૩ [illegible] શ્રી [illegible]
૪ [illegible]
૫ આર્દ્રકુમાર
૬ મહારાજા શ્રેણિક
૭ [illegible] ભામાશાહ
૮ [illegible] ઉદાયન
૯ [illegible]
૧૦ [illegible]
૧૧ [illegible]
૧૨ [illegible]
૧૩ [illegible]
૧૪ [illegible]
૧૫ [illegible]
૧૬ [illegible]
૧૭ [illegible]
૧૮ [illegible]
૧૯ [illegible]
૨૦ [illegible]

ત્રીજી શ્રેણી

૧ શ્રી ભદ્રબાહુ સ્વામી
૨ શ્રી હેમચંદ્રાચાર્ય
૩ શ્રી હરિભદ્રસૂરિ
૪ શ્રી સિદ્ધસેન દિવાકર
૫ શ્રી બપ્પભટ્ટ સૂરિ
૬ શ્રી હીરવિજય સૂરિ
૭ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી
૮ મહાસતી સીતા
૯ દ્રૌપદી
૧૦ નળ દમયંતી
૧૧ [illegible]
૧૨ [illegible]
૧૩ [illegible]
૧૪ [illegible]
૧૫ [illegible]
૧૬ [illegible]
૧૭ [illegible]
૧૮ જૈન તીર્થોનો [illegible] ભા. ૧
૧૯ જૈન તીર્થોનો [illegible] ભા. ૨
૨૦ જૈન સાહિત્યની [illegible]

દરેક સેટની કિંમત ૧૩. [illegible] તથા વી. પી. [illegible] આના.

બીજાં પુસ્તકો માટે સૂચિપત્ર મંગાવો—

ચિત્રકાર ધીરજલાલ ટોકરશી શાહ

[illegible] હવેલીની પોળ · **અમદાવાદ.**